सत्यमेव जयते

કેસ રજુ તારીખ : ૦૯/૦૯/ ૨૦૨૨
કેસ દાખલ તારીખ : ૦૯/૦૯/ ૨૦૨૨
કેસ ફેસલ તારીખ : ૦૧/૦૪/૨૦૨૫

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

---

## મે.એડી. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, અમદાવાદ(સીટી).

---

**ક્રિ.કેસ નં.૯૦૦૦૧/૨૦૨૨**
**આંક– ૧૧**

**ફરીયાદી :–** **સરકારશ્રી**

**વિરૂધ્ધ:**

**આરોપી :–** **(૧) દેવ ઉર્ફે કેલો સ/ઓ રાજુભાઈ ઝખવાડીયા, (ઉ.વ.૨૦)**
રહે., શ્રીઓમનગર, વિ–૨, પી એન્ડ ટી કોલોની, વાસણા, અમદાવાદ.
**(૨) રાહુલ રાજુભાઈ ઝખવાડીયા, (ઉ.વ.૨૪)**
રહે., શ્રીઓમનગર, વિ–૨, પી એન્ડ ટી કોલોની, વાસણા, અમદાવાદ.

**<u>ગુન્હો:</u>**– ધી.ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા
જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ...

---

**ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી કે.સી.યોગી**
**આરોપી પક્ષે વિ.વ.શ્રી એ.બી.પવાર**

---

## –: <u>ચુ કા દો</u> :–

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૨/૬/૨૦૨૨ ના કલાક ૨૨/૦૦ વાગ્યા આસપાસ શ્રીઓમનગર પી

એન્ડ ટી કોલોની વાસણા ફરિયાદીશ્રી તથા તેમના મિત્રો ત્યાં ઉભા હોય જેથી આ કામના આરોપીઓએ આવી કહેલ કે આયા કેમ ઉભા છો તેમ કહી ફરિયાદીશ્રી તથા તેના મિત્રોને ગંદી ગાળો બોલી, શરીરે ગડદાપાટુનો માર મારી, આરોપીઓએ ફરિયાદીશ્રીને લોખંડની પાઈપ કપાળના ભાગે મારી એકબીજાની મદદગારી કરી, ઈજા પહોંચાડી, ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ ફરિયાદીશ્રીએ વાસણા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક. અમલદારે પાર્ટ–એ ગુ. ર. નં.૧૧૧૯૧૦૬૬૨૨૦૬૧૯/૨૦૨૨ થી ફરીયાદ નોંધી, તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં, ધી.ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપીઓ વિરૂધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીઓને સમન્સ બજતા આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ અન્વયે વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ, આરોપીઓની આંક–૦૪, ૦૫ પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહુ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી કિશન હિંમતલાલ ખટીકની સોગંદ ઉપરની જુબાની | ૦૭ |

**<u>દસ્તાવેજી પુરાવો :</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૮ |

| | | |
|---|---|---|
| ૨ | રીકવરી પંચનામું | ૦૯ |
| ૩ | કલોઝીંગ પુરસીસ | ૧૦ |

(૪) આરોપીઓ સામે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોવાથી, ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ, ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) ફરીયાદપક્ષે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

<u>–:મુદ્દા:–</u>

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૨/૬/૨૦૨૨ ના કલાક ૨૨/૦૦ વાગ્યા આસપાસ શ્રીઓમનગર પી એન્ડ ટી કોલોની વાસણા ફરિયાદીશ્રી તથા તેમના મિત્રો ત્યાં ઉભા હોય જેથી આ કામના આરોપીઓએ આવી કહેલ કે આયા કેમ ઉભા છો તેમ કહી ફરિયાદીશ્રી તથા તેના મિત્રોને ગંદી ગાળો બોલી, શરીરે ગડદાપાટુનો માર મારી, આરોપીઓએ ફરિયાદીશ્રીને લોખંડની પાઈપ કપાળના ભાગે મારી એકબીજાની મદદગારી કરી, ઈજા પહોંચાડી, ઘી.ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.૧:-**

આ કામે ઉપરોકત રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન ધી.ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાના આવશ્યક તત્વો ધ્યાને રાખીને કરવામાં આવેલ છે.

(૮) ભારતીય પુરાવા ધારા કલમ-૩ તથા ૧૬૫ ના પ્રબંધો ધ્યાને લેવામાં આવે તો પુરાવાના કાયદાથી પ્રસ્તુત જાહેર કરેલ હકિકતોના આધારે અદાલતે ફેંસલો આપવો જોઈએ. આ કામે પુરાવાનું મુલ્યાંકન ભારતીય પુરાવા ધારા કલમ-૧૦૧ થી ૧૧૫ ના પ્રબંધો મુજબ કરવામાં આવેલું છે. ફોજદારી ઈન્સાફી કાર્યવાહીનો સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ ભારતીય પુરાવા ધારાની કલમ-૩ માં જણાવ્યા પ્રમાણે સાબીત તથા ના-સાબીતની વ્યાખ્યાઓ મુજબ વ્યાજબી શંકાથી પર રીતે સાબીત કરવો પડે અને જો ફરીયાદપક્ષના કેસમાં કોઈપણ પ્રકારની શંકા ઉભી થાય તો તેનો સીધો લાભ આરોપીને મળે અને આરોપી જો તેમનો બચાવ સાબીત કરવો હોય તો તેઓએ તેમનો બચાવ પ્રિ-પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત મુજબ સાબીત કરવો જોઈએ અને જો કોઈ કેસમાં આરોપીપક્ષે બચાવ લેવામાં આવેલ ન હોય કે નબળો બચાવ કરવામાં આવેલ હોય તો તેથી તેનો લાભ ફરીયાદપક્ષને મળે નહી અને વ્યાજબી શંકાથી પર ફરીયાદપક્ષનો કેસ સાબીત થાય નહીં અને જેથી ફરીયાદપક્ષે તેમનો કેસ સાબીત કરવા અંગે સાબીતીનો ભાર હંમેશા ફરીયાદપક્ષ ઉપર જ રહે છે તે કયારેય આરોપીપક્ષ ઉપર આવતો નથી. આ કામે રેકર્ડ જોતા આરોપી પક્ષે ઈ.પી.કો.ક.૭૬ થી ૧૦૬ મુજબનો કોઈ સ્પષ્ટ બચાવ આ કામમાં લેવામાં આવેલ નથી અને જેથી ભારતીય પુરાવા ધારાની કલમ-૩, ૧૦૧

થી ૧૧૫ ના પ્રબંધો ધ્યાને લઈ સદર કામમાં પુરાવો ધ્યાને લેવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Jayantilal Kuberdas Sharma vs State of Gujarat **((2007) 1 GLR 99)** માં ઠરાવેલ છે કે,

> The Court must bear in mind the set up and the circumstances in which the crime is committed, the quality of evidence, nature and temperament of the witnesses, the level of understanding and power of perception and examination of individual witness and probability in ordinary course of nature about the act complained of as might have been witnessed by the witnesses.

ઉપરોકત સિધ્ધાંત મુજબ રજુ પુરાવાનું મુલ્યાંકન કરી નિર્ણય લેવો જોઈએ.

(૯) સદર કામે ફરીયાદપક્ષે આંક–૦૭ થી રજુ થયેલ ફરિયાદી કિશન હિંમતલાલ ખટીકની સોગંદ ઉપરની સરતપાસ જુબાની તેમજ ઉલટતપાસ જોતા તેઓએ ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને તેઓએ પોતાની સરતપાસમાં બનાવમાં સામાન્ય બાબતમાં મનદુખ થયેલ હોવાનું અને તે સિવાય કંઈ બનેલ નહિ હોવાનું તથા આવેશમાં આવી ફરિયાદ આપેલ હોવાનું જણાવતાં તેઓને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા જાહેર કરી પરવાનગીથી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ હોવા છતા તેઓએ ફરીયાદને સમર્થનકારક કોઈ મહત્વની હકીકત જણાવેલ નથી. જયારે બચાવપક્ષ તર્ફેની ઉલટતપાસમાં પણ હાલના આરોપીઓ વિરૂધ્ધની કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૦) તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો લક્ષમાં લેતાં આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદીશ્રી તથા તેના મિત્રોને ગંદી ગાળો બોલી, શરીરે ગડદાપાટુનો માર મારી, આરોપીઓએ ફરિયાદીશ્રીને લોખંડની પાઈપ કપાળના ભાગે મારી એકબીજાની મદદગારી કરી, ઈજા પહોંચાડી, ગુનો કર્યાનો આરોપ છે. ફરિયાદીશ્રી કિશન હિંમતલાલ ખટીક નાઓએ

આંક–૦૭ થી પોતાની જુબાની આપેલ છે, તેઓ હાલના કામે ફરી ગયેલા જાહેર થયેલા છે અને હાલના આરોપીઓ વિરૂધ્ધની કોઈ ફળદાયી હકીકત જણાવેલ નથી.

ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવામાં આંક–૦૯ થી રીકવરી પંચનામું રજુ કરેલ છે. જે આરોપીપક્ષે આંકે પાડવા વાંધો ન હોય જેથી સંમતિથી આંક આપેલ છે. સદર દસ્તાવેજની તમામ હકીકતો સાચી માની લેવામાં આવે તો પણ જયારે મહત્વના સાહેદ હોસ્ટાઈલ ગયેલ હોય ત્યારે આરોપીઓએ જ ગુનો કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવતી નથી.

વધુમાં, ફરિયાદપક્ષે જી.પી.એકટ ૧૩૫(૧) મુજબનું જાહેરનામું રજુ કરી આંકે પડાવેલ નથી કે સદર જાહેરનામુ સાબિત કરવા માટે કોઈ સાહેદને તપાસેલ નથી. જેથી સદર જાહેરનામું સાબિત થયેલાનું માની શકાય નહિ. જેથી, સદર કામના આરોપીને જી.પી.એકટ ૧૩૫(૧) મુજબના ગુનાના ભંગ બદલ પણ દોષિત ઠરાવી શકાય નહિ.

પ્રોસિકયુશન તરફે આંક–૧૦ થી એ.પી.પી.શ્રી મારફતે પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. વધુમાં, ૧૯૯૬(૩) ક્રાઈમ પાના નંબર–૮૫ સતીષ મહેરા – વિરૂધ્ધ –દિલ્હી એડમીનીસ્ટ્રેશનનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો આ ચુકાદા મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ નિરીક્ષણ કરેલ છે કે, When Judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date. તે તમામ હકીકતો ધ્યાને લઈ ફરિયાદપક્ષ મુદ્દા નં.૧ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

-: **આખરી હુકમ** : -

આ કામના **આરોપીઓ : (૧) દેવ ઉર્ફે કેલો સ/ઓ રાજુભાઈ ઝખવાડીયા, (ઉ.વ.૨૦) (૨) રાહુલ રાજુભાઈ ઝખવાડીયા, (ઉ.વ.૨૪)** નાઓને ક્રિ. પ્રો. કોડ ની કલમ-૨૫૫ (૧) અન્વયે **ધી.ઈ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧)** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

મુદ્દામાલ લોખંડની પાઈપનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે .

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) અન્વયે વધુ ૬ માસના સમયગાળા માટે અપીલ કોર્ટમાં હાજર રહેવા સારૂં ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે. અગાઉના જામીન ઉપલબ્ધ ન હોય તો નવા જામીન આપવાના રહેશે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧/૦૪/૨૦૨૫
અમદાવાદ.

(સનત જયંતિલાલ પંચાલ)
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી).(જી.જે.૦૦૮૬૪)

P.A.(Grade-II),
Kalpesh Koshti